

વિમાની ગીતાપાઠ

લેખક—

ઈશ્વરલાલ ચીમાવાળા

દેશબંધુ પ્રેસ, [illegible], સુરતમાં [illegible]
[illegible] છાપ્યું અને [illegible] પ્રગટ કર્યું.



સૌ. ગીતાબાઈ ગાડગીલ

માતા સ્વરૂપમાં



શ્રી ગીતાબાઈ વિમાન હાંકવાની
તૈયારી કરી રહ્યાં છે.

વિમાની ગીતાબાઈ

મોટા થઈને તમે શું કરશો?

તમારામાંની ઘણીક બાળાઓ કહેશે મોટાં થઈને અમે સારાં સારાં કપડાં પહેરીશું, સાડી, પોલકાં, દાગીના અને વેણી પહેરીશું. બા અને બાપાજી અમારે માટે વર શોધી કાઢશે. તેની સાથે પરણાવી સાસરે મોકલશે એટલે સાસરે જઈને રહીશું.

આવા પ્રકારનો જવાબ તમારામાંની ઘણીક બાળાઓના મનમાં ઘોળાઈ રહ્યો હશે. જીંદગીનું એજ સાર્થક છે એમ પણ ઘણીક બાળાઓ માનતી હશે. **જન્મવું, જીવવું અને મરી જવું**. બસ! એ સિવાય જીવનમાં બીજું કરવાનું પણ શું હોય? એમ ઘણીક બાળાઓ પોતાના મનમાં વિચાર કરતી હશે.

પરંતુ ના. એકલું જન્મવું અને જીવવું એટલું કામ તો પશુઓ પણ કરે છે. કૂતરાં, બીલાડાં અને ગાય

ભેંસ જેવાં ઢોર પણ એટલું કામ તો ક છે. આપણે તો મનુષ્ય છીએ, મનુષ્ય. મનુષ્ય એ બીજાં પ્રાણીઓ કરતાં ચઢીઆતું પ્રાણી છે. એના જીવનનો હેતુ છે. એના જીવનને અમુક ધ્યેય હોય છે. એ ધ્યેયને વળગીને એ પોતાનું નાવ હંકારે તો એનું જીવન સફળ થાય છે. તેમ એ નહિ કરે તો જીવન નિષ્ફળ જાય છે

આપણા જીવનનું સાર્થક કરવા માટે આપણે શું કરવું જોઇએ?

જન સેવા!

આપણે લોકોને ઉપયોગી થઈ પડીએ, આપણા દેહ વડે, આપણાં મન વડે, આપણી બુદ્ધિ વડે આપણે બીજા લોકોને કંઇક મદદગાર થઇ પડીએ, આપણે તેમને સહાયરૂપ થઇ પડીએ, તોજ આપણે જન સેવા કરી કહેવાય અને તોજ આપણું જીવન સાર્થક થયું કહેવાય.

અગાઉ આપણા દેશમાં અનેક એવી વીરાંગનાઓ થઈ ગઈ છે, શૂરવીર બહેનો થઇ ગઈ છે, જેમણે અન્યની રક્ષાને ખાતર પોતાના પ્રાણ આપ્યા છે. રઝિયા બેગમ, અહલ્યાબાઇ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ, ચાંદબીબી વગેરે. આ વીરાંગનાઓને થઈ ગયાંને ઘણાં વરસો વીતી ગયાં છે. છતાં આપણે સહુ તેમને પૂજ્ય ભાવથી સંભારીએ છીએ, કારણ કે તેમણે પોતાના દેશને ખાતર પ્રાણ આપ્યા-તેમણે અન્યની રક્ષાને ખાતર પોતાનાં જીવનનું બલિદાન આપ્યું હતું.

આજે પણ આપણા દેશમાં આપણા ભારતવાસી-ઓનું હિત સાધવાને માટે કેટલી ય વીરાંગનાઓ આપણા દેશમાં ઘૂમી રહી. છે. તમે કદાચ તેમનાં નામો સાંભળ્યાં પણ હશે. શ્રીમતી સરોજિની નાયડુ, લીલાવતી મુનશી, કસ્તુરબા, અમૃતકુંવર, વગેરે.

આજે હું તમારી આગળ એવી જ એક વીરાંગના ગીતાબાઈનું જીવનચરિત્ર રજૂ કરવા ધારૂં છું. શ્રીમતી ગીતાબાઇ પણ તમારા જેવડી જ એક સાદી સીધી બાળા હતી. પરંતુ ખંત અને મહેનતથી તેણે વિમાની વિદ્યાનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. એટલું જ નહિ પણ લાગલાગટ ૩૦ કલાક સુધી વિમાન ઉડાવીને એણે વિમાન ઉડાવવાનું અ વર્ગનું લાયસન્સ પણ પ્રાપ્ત કર્યું !

૨

બાલિકા ગીતાબાઈનો જન્મ ગ્વાલીયરમાં થયો હતો. તેના પિતાનું નામ ગણપતરાવ મોડક. શ્રી ગણપત-રાવને ગ્વાલીયર રાજ્યના લશ્કરી ખાતામાં નોકરી હતી. એટલે ગીતા નાની હતી ત્યારથી જ તેને લશ્કરી કવા-યત જોવાનો તથા બંદુકોના બાર (અવાજો) સાંભળ-વાનો મહાવરો પડી ગયો હતો. ગમે તે વખતે બં-દુક ફુટી તો પણ એ બીજી સામાન્ય બાળાઓની

પેઠે ચમકી કે ભડકી ઉઠતી નહિ. પરંતુ એવો અવાજ સાંભળીને પોતે સામો તેવો અવાજ કરતી.

નાની ગીતાબાઇને વિમાનનો બહુ શોખ. ઘણીક વાર મુંબાઇથી કે કરાંચીથી દીલ્હી જતાં વિમાનો એના ઘરના છાપરાં પરથી પસાર થતાં. ત્યારે એ બહુજ ઉત્સુકતાથી તેના તરફ જોતી. વિમાન આકાશમાં અદ્ધર કેવી રીતે ચાલતું હશે? તેમાં કેવી જાતના સંચા મૂકેલા હશે? તેને વિશે જ્ઞાન મેળવવાની એને ભારે ઉત્કંઠા રહેતી. કોઇ કોઈ વાર તો વિમાન એના ઘર પાસેના મેદાનમાં ઉતરતું યે ખરૂં. ત્યારે એ પોતાની મોટી બ્હેનને તેડીને તે વિમાન જોવાને જતી. વિમાનની આસપાસ પ્રદક્ષિણા ફરીને જોયા પછી તે એના સંચાને જોવા માટે અંદર ડોકીયાં પણ કરતી.

આમ કરતાં કરતાં ગીતાનો વિમાન શોખ ઘણો વધી ગયો. કોઇ વાર મેળામાં જાય અને ત્યાં એને કંઇ રમકડું લેવાનું હોય તો એ વિમાન સિવાય ભાગ્યેજ બીજું કંઇ લે. જ્યાં સુધી એને કોઇ પણ જાતનું નાનું મોટું વિમાન જડે ત્યાં સુધી બીજાં કોઇ પણ રમકડાંને એ હાથ પણ ન લગાડે. ઘણીક વાર તો એ પોતાને ભણવાની રદ્દી ચોપડીઓનાં પાનાં ફાડી તેને ગુંદર કે લાહીથી ચોંટાડીને વિમાન જેવા આકાર બનાવતી. પછી તે પોતાની બાને તથા મોટી બ્હેનને બતાવતી.

તેઓ કહે–"ગાંડી, આ શું બનાવ્યું?"

ગીતા કહે–"એ તો વિમાન છે વિમાન! મારૂં વિમાન આકાશમાં ઉંચે ઉડશે. ઘુરૂરૂરૂરૂરૂરૂ....જૂઓ, આ ચાલ્યું." એમ બોલી પોતે તે વિમાનને બાંધેલી દોરી પકડી ગોળ ગોળ ફરતી, એટલે તે વિમાન જાણે આકાશમાં ઉંચું ચઢતું હોયને તેવો દેખાવ થતો.

ગીતા કહેતી–હું મોટી થઇશ ત્યારે વિમાન ચલાવીશ. વિમાન ચલાવતાં શીખીશ.

પોતાના પિતાને એ વખતોવખત કહેતી–બાપુજી, હું મોટી થઇશ ત્યારે મને વિમાન ચલાવતાં શીખવશો ને?

એના પિતા એની આ ઉત્સુકતા જોઈ રાજી થતા. અને કહેતા–"હા બેટા."

૩

પરંતુ એની માતાના મનમાં એની આવી પ્રગલ્ભતા જોઈને ચિંતા થતી કે આ છોકરી અત્યારથીજ આવી આવી વાતો ને માંગણીઓ કરે છે તો આગળ ઉપર એનું શું થશે?

તે એને ઘણીક વાર ટોકીને નિરૂત્સાહ કરી દેતી.

"બેસ બેસ ડાહીલી! સાસુ કોણ જાણે કેવીક મળશે–તે કુખમાં ચીમટું દઇને તારા ધખારા ભાંગીને

ભૂકો કરી મેલશે. તું ઘરકામ શીખ, ઘરકામ. નહિ તો સાસરામાં ટોકાઈને લુવો થઇ જઇશ."

પણ ગીતાને ઘરકામનો કંટાળો હતો. ખૂબજ કંટાળો હતો. જ્યારે જ્યારે મા કાંઇ ઘરનું કામ સોંપે, કચરો કાઢવાનું કે વાસણ વીછળવાનું કામ કરવાનું કહે, ત્યારે તે ઘણું ખરૂં કાંઇ ને કાંઇ બહાનું કાઢીને બહાર સટકી જતી. એની મોટી બ્હેન જરા નરમ સ્વભાવની હતી. તેનેજ માથે પછી એ કામ કરવાનો બોજો આવી પડતો. નાની ગીતા પર તેને બહુ હેત હતું. તેથી તે બાને કહેતી–

"છોને એ રમતી બા. નાની છે ત્યાં સુધી રમશે. પછી કાંઈ રમાવાનું છે?" એમ કહીને તે ગીતાનો પક્ષ કરતી.

કેટલીક વાર એની બા કહેતી કે–"ગીતી, તને રાંધતાં નથી આવડતું તે તું ભૂખે મરીશ ભૂખે. યાદ રાખજે."

ત્યારે ગીતા જવાબ દેતી–"એમ કેમ કહે છે બા? પેટ ભરવા પૂરતાં દાળભાત રાંધતાં તો તેં મને શીખવીજ દીધું છે. તે શું ઓછું છે? મારે ક્યાં જીભના સવાદ કરવા છે કે ચટની ચટાકા અને મિષ્ટાન્ન બનાવતાં શીખું?" એમ કહીને તે હસીને વાત ઉડાવી દેતી.

એના પિતા ઘણીક વાર નોકરીને અંગે બહારગામ જતા ત્યારે એ તેમને કાગળો લખતી. તે કાગળોમાં પણ ઘણુંખરૂં કોઇ ને કોઇ સ્વરૂપે વિમાનની વાત હોયજ

એક વાર એણે પિતાને લખ્યું હતું:

"આજે તો મેં મહા મહેનતે એક મોટું વિમાન તૈયાર કર્યું હતું ને તમારા ટેબલ પર મૂક્યું હતું. પરંતુ પરમાએ (ઘરના નોકરનું નામ પરમેશ્વર હતું.) બીજા કચરા ભેગું તેને પણ ડુચો કરી ફેંકી દીધું. બાપુજી, તમે બહારગામથી આવો ત્યારે એને નોકરીમાંથી કાઢી મૂકજો, હોં."

૪

ભણુવામાં ગીતા બહુ ચકોર હતી. પોતાની મોટી બ્હેનને ભણાવવા માટે માસ્તર આવે ત્યારે તેનાં લેસનો સાંભળતાં સાંભળતાંજ એણે પ્રાથમિક પહેલી બીજી ચોપડી જેટલું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું હતું. ત્યાર પછી એ નિશાળમાં દાખલ થઈ. મરાઠીની સાથે અંગ્રેજીનો અભ્યાસ પણ ચાલૂ કર્યો.

તે જે કાંઈ એક વખત વાંચતી તે એને મોંઢે થઈ જતું. એની યાદશક્તિ બહુજ સતેજ હતી એની મોટી બ્હેન જે પાઠો દશ દશ વખત માથું પટકીને વાંચવા છતાં મ્હોંડે કરી શકતી નહિ, તેજ પાઠોને એ રમત માત્રમાં કંઠાગ્રે કરી લેતી. પછી મોટી બેનની દયા ખાઈને એ કહેતી–"બ્હેન, જવા દેની એ લમણાંઝીક!

આટલી બધી મહેનત કરીને વાંચવું અને પાસ થવું એના કરતાં તો નાપાસ થવું તે શું ખોટું ?"

એમ કહીને તે બહેનની પાસેથી ચોપડી ઝુંટવી લેતી અને તેને કહેતી–"ચાલ ચાલ, આપણે એક દાવ કેરમ રમીએ. પછી વાંચજે."

પોતાનાં બીજા ભાઇ બહેનો વાંચતા હોય, પરીક્ષાને માટે પેલી કહેવત પ્રમાણે ચોટલી ખીલે બાંધીને અભ્યાસ કરતાં હોય, ત્યારે એ તેમને 'ગોખણપટ્ટી રામ રામ ! ગોખણપટ્ટી રામ રામ ! !' એવું કહીને ચીઢવતી. અને ઘણીક વાર તેમની ચોપડીઓ ઝુંટવી લઇને કહેતી– 'ચાલો ચાલો, મારી સાથે રમો, કુદો, નાચો–ને તાજા માજા થાઓ. પછી વાંચવું હોય તો વાંચજો.'

આમ એ પોતે અભ્યાસ પાછળ કદિ બહુ મહેનત કરતી નહિ, છતાં એ કોઇ દિવસ નાપાસ થઈ નથી. નાની હોવા છતાં અભ્યાસમાં એ મોટી બ્હેનની સાથેનાજ વર્ગમાં ઠેઠ સુધી રહી હતી.

થોડા વખત પછી એના પિતાની નોકરીની મુદત પૂરી થઈ એટલે તેઓ પેન્શન પર ઉતર્યા. ગ્વાલીયર છોડીને તેઓ મૂળ વતન બેલગામમાં રહેવા આવ્યા.

બેલગામમાં સ્ત્રીઓની કેળવણી માટે મહિલા વિદ્યાલય છે. તેમાં બંને બહેનો અભ્યાસ માટે દાખલ થઇ. તેમણે મેટ્રીક સુધીનો અભ્યાસ ત્યાંજ પૂરો કર્યો. ઇ. સ. ૧૯૩૫ના વરસમાં પંદર વરસની ઉમ્મરે ગીતાએ મુંબાઇ



શ્રી ગીતાબાઈ અને તેમના પતિ
ગણ્પતરાવ ગાડગીલ.

યુનીવર્સિટીની તેમજ કર્વે યુનિવર્સિટીની પ્રવેશ પરીક્ષાઓ એકી વખતે પાસ કરી !

ભણવું એ તો ગીતાને મન જાણે રમત હતી.

૫

શાળાના અભ્યાસની સાથે સાથે ગીતાએ પોતાને મનગમતી બીજી કેટલીક વિદ્યાઓ પણ હાથ કરી લીધી. સાઇકલ પર બેસવું, લાઠી ફેરવવી, નિશાન તાકવું-એવું એવું એ બહુ સારી રીતે શીખી ગઈ. રમતો રમવામાં પણ એણે સારી કુશળતા મેળવી હતી. બેડમીંગ્ટન, રીંગ-ટેનીસ, કેરમ વગેરે રમતોમાં તો એણે લીંગરાજ કોલેજમાં સારાં સારાં ઇનામો મેળવ્યાં ! ટેનીસ, પીંગપોંગ જેવી નાની રમતોમાં પણ કંઈ એ ઉતરે તેમ ન હતી.

આવી મર્દાની રમતો ઉપરાંત એણે સંગીતકળાનું પણ સારૂં જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. મૂળથીજ એનો કંઠ સારો. અને એ કુદરતી ઉલ્લાસથી ગાતી હોય ત્યારે સાંભળનારાં બે ઘડી ઠરી જતાં ! તેમાંય એણે હારમોનીયમ, ફીડલ, દીલરૂબા, બુલબુલ તરંગ અને સીતાર જેવાં વાજીંત્રો વગાડવાનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું. આ વાજીંત્રોએ સારી ઝમાવટથી વગાડી શકે છે.

ગીતા તેમજ એની મોટી બ્હેન બેઉની કેળવણી

માટે એનાં માતાપિતા બહુજ કાળજી રાખતાં. પોતાના પુત્રોને જેમ તેઓ ઉદાર દીલથી ભણવાને માટેની બધીએ સાધન સામગ્રી વસાવી આપતાં, તેવીજ ઉદારતાથી તેઓ આ બેઉ છોડીઓના અભ્યાસને માટેની સાધન સામગ્રી પણ વસાવી આપતાં. એ બાબતમાં તેમણે કદિ સંકોચ દાખવ્યો નથી. છોકરીઓમાં રહેલી કુદરતી શક્તિઓને પણ પૂરતો વિકાસ મળે તેટલા માટે જરૂરી બધી સગવડ તેઓ કરી આપતાં.

આપણે ત્યાંનાં બીજાં માબાપો કહેશે–છોકરીઓને તે વળી એવાં બધાં ધતીંગ શીખવાં શાં? એમને ક્યાં નોકરી કરવા જવું છે? એને તો પરણીને સાસરે જવાનું. એટલે થોડુંક વાંચતાં અને ઘરકામ આવડયું એટલે બસ!

પરંતુ આમ કહેનારાં માબાપો અણસમજુ છે. તેઓ પોતાની પુત્રીનું હિત સમજતાં નથી એમજ કહેવું જોઈએ. યુરોપમાં તો હજારો દીકરીઓ જ્ઞાન મેળવી કમાઈને પોતાનાં માબાપનું પોષણ કરે છે.

જ્ઞાન પ્રાપ્ત કરેલું કદિ નકામું જતું નથી!

૬

ગીતાને એનાં માબાપ તરફથી ઘણા સદ્ગુણો મળ્યા છે. ધૈર્ય, ખંત, ઉદારતા, સ્વાર્થત્યાગ, ચતુરાઈ,

પ્રેમાળપણું એ બધા સદ્ગુણો એણે માતાપિતાના વારસા તરીકે પ્રાપ્ત કર્યા છે. એને પોતાનાં માબાપ પ્રત્યે પણ ખૂબ ભક્તિભાવ છે. ગીતા હંમેશા હસમુખી અને મળતાવડી છે. નાનાં સાથે નાની, અને મોટાં સાથે મોટી બનીને એ સહુની સાથે હળી શકે છે. ગમે તેવા અજાણ્યાની મૈત્રિ બાંધી દેવાની કળા એણે સારી પેઠે હસ્તગત કરી લીધી છે.

મેટ્રીક પાસ થયા પછી એ બેલગામમાં લીંગરાજ કોલેજમાં દાખલ થઈ. ત્યાં એણે ઇંટરમીજીયેટ સુધીનો અભ્યાસ સરળતાપૂર્વક કર્યો. કોલેજ જીવનના દિવસો કશી પણ ખટપટ વગર સરળતાથી વહી ગયા. બીજી વિદ્યાર્થિનીઓની પેઠે તે કદિ છોકરાઓની સાથે ચીઠ્ઠી પત્રી કરવામાં કે વ્યર્થ પ્રેમલાવેડા કરવામાં સમય ગુમાવતી નહિ. એના મનમાં તો એકજ ધ્યેય ઘડાતું જતું હતું તે આ–સ્વતંત્ર જીવન ગુજારવું અને વિમાન ચલાવતાં શીખવું. એ સિવાય બીજો કશોયે વિચાર ભાગ્યેજ એ કરતી.

૭

ગીતા ઉમ્મર લાયક થતાં સ્વાભાવિક રીતેજ એનાં માતાપિતા એનાં લગ્ન કરવાની ચિંતા કરવા લાગ્યાં.

એક દિવસ તો તેમણે એને સીધે સીધુંજ પૂછ્યું-"તારે કોની સાથે પરણવું છે?"

એટલે ગીતાએ સાફ સાફ જવાબ દઈ દીધો-"મારે તો કોઈની સાથે પરણવું નથી. હું તો જીંદગીભર કુંવારી રહેવાની છું. મારે માટે વર ખોળવાની તસ્દીજ તમે લેતાં નહિ."

જ્યારે જ્યારે લગ્ન વિશેની વાત નીકળતી ત્યારે ત્યારે ગીતા ફટ કરતો કે આ જ જવાબ લાવીને મૂકી દેતી અને પછી તે માબાપની પાસેથી દૂર ચાલી જતી.

પરંતુ એવામાં એક બનાવ બન્યો !

ગણુપતરાવ ગાડગીલ નામનો એક તરૂણ વિમાની બેલગામમાં આવ્યો. ગીતાના પિતાને તેની સાથે ઓળખાણ થઈ. તે વિમાનીએ વાઈસરાય એર કપ રેસમાં બીજું ઇનામ જીત્યું હતું. વિમાન ઉડાવવાની કળામાં તે જબરો ઉસ્તાદ અને હિંમતબાજ હતો.

ગીતાના પિતા તેને પોતાને ત્યાં તેડી લાવ્યા. ગીતા હંમેશાં વિમાનની વાતો કર્યા કરતી અને વિમાન ચલાવવાની કળા શીખવા માટે આગ્રહ કરતી. તેથી પિતાએ વિમાની ગણુપતરાવની ઓળખાણ પહેલી તેની સાથેજ કરાવી:

"આ અમારી ગીતા, એને વિમાનની વાતો જાણુવાનો બહુ શોખ છે." તેમણે કહ્યું.

પોતાને ઘેર વિમાની પરોણો આવ્યો છે એમ

જાણીને ગીતાને તો ખૂબજ આનંદ પડયો. તે તરત જ મેમાનની સારવારમાં મંડી પડી. અને તેને વિમાન વિશે અનેક સવાલો પૂછવા લાગી. વિમાની ગણુપતરાવ માત્ર એકજ દિવસ રહ્યો તેટલામાં તો એણે તેને એટલા બધા સવાલો પૂછી નાંખ્યા કે આખરે માબાપને તેને ટોકવી પડીઃ

"હવે બહુ થયું બેટા," તેમણે કહ્યું–"મેમાનને જરા જંપવા દે. તારી વિમાનની વાતોથી અને પૂછ-પરછથી બીચારા મેમાન અકળાઈ પણ ગયા હશે........"

"ના, ના. મને કાંઈ અકળામણ થતી નથી કે ત્રાસ થતો નથી." ગણુપતરાવે જવાબ દીધો.

પિતાએ કહ્યું–"એ તો તમારી ઉદારતા છે, પણ ગીતા, હવે બાકીનું પૂછવાનું હોય તે બીજી કોઈ વખત પૂછજે. તું આમ એમને પજવશે તો એઓ આપણે ત્યાં આવતા જ અટકશે."

એમ કહીને તેઓ જરા હસ્યા.

પરંતુ વિમાની ગણુપતરાવ કાંઈ ગીતાના પ્રશ્નોથી કંટાળ્યા ન હતા. તેમને પણ ગીતાના પ્રશ્નોના જવાબ આપવામાં અને તેની ઉત્સુક્તા સંતોષવામાં ઓર આનંદ પડતો હતો. પોતે તાતા એર સરવીસ કું.માં નોકરી લીધેલી હતી. એટલે તેને અંગે એમને વિમાનની અનેક મુસાફરીઓ કરવી પડેલી હતી. તે મુસાફરીઓમાં ઘણીક વાર મુશ્કેલીઓ અને આફ્તો પણ આવેલી. તે બધાંનાં

વર્ણનો એણે ગીતાને કહી સંભળાવ્યા. તે સાંભળવામાં ગીતાને પણ ખૂબ રસ પડ્યો.

૮

આકાશમાં અદ્ધર જોસભેર વિમાન વહેતું હોય તેવામાં પેટ્રોલ ખૂટવાથી કે સંચામાં કાંઇ બગાડ થવાથી પંખો બંધ પડે તો? કેવી ભયંકર આફત! વિમાન ધડધડાટ નીચું પડી જાય, ઉંધું ચત્તું થઈ અને કોણ જાણે ક્યાંનું ક્યાં–કોઈ પહાડ સાથે કે ઝાડ સાથે અથડાઈ પડે–ફુરચેફુરચા થઈ જાય, એના હાંકનારાના મોત ફરી વળે, તેમના શરીરના ટુકડેટુકડા થઈ જાય અને કદિક તો તેમનું હાડકું શોધ્યું યે ન જડે એવી ખીણમાં તેઓ જઈ પડે–તો?

વિમાનમાં બેઠાં, પછી શું થાય ને શું ન થાય તે કેમ કહી શકાય? જીવતા પાછા ઉતરાય કે ન પણ ઉતરાય! એક વાર વિમાન ઉડવા માંડ્યું પછી ભગવાન કાળને ખોળે માથું મૂકવાનું. તે જીવનદાતા બને તો જ સહીસલામત નીચે ઉતરવાનું; અને નહિ તો?

એની કલ્પના ગીતાને આવવા લાગી. વિમાન ઉડાવનારનું જીવન કેટલું બધું જોખમભરેલું! એના માથા ઉપર કેટલો બધો ભય ઝઝૂમી રહેલો હોય છે!

ગીતાનું મગજ એ વિચારોમાં ચકડોળે ચઢવા લાગ્યું!

જરાક-રજ માત્ર પણ ભૂલ થાય તો વિમાન ભાંગી જાય, અથડાઈ પડે કે સળગી જાય! કદિક દરિયામાં જ ઉતરી પડે તોયે મોત! કોઈ જતી આવતી સ્ટીમર મળી અને તેણે દયા લાવી વિમાનવાળાને ઉંચકી લીધો તો ઠીક છે-બચી ગયા, નહિ તો પાણીમાં ડૂબીને જ મરવાનું!

વિમાન એટલે મોત, મોત ને મોત જ! મોત સિવાય જાણે બીજી વાત જ નહિ! મોતને હથેલીમાં રાખીને જ જાણે વિમાનમાં પગ મૂકવાનો.

ગણપતરાવની વાતો સાંભળીને ગીતાને વિમાનના ખરા સ્વરૂપનો ખ્યાલ આવ્યો. છતાં તે કાંઈ એનાથી ડરી ગઈ નહિ. તેને વિમાની જ્ઞાન શીખવું જ હતું. ગમે તેવી આફતો હોય, ગમે તેટલાં જોખમો હોય છતાં વિમાન ચલાવતાં શીખવું જ-તે શીખવું જ. એમાં જરાય શંકા કેવી?

બધું કહી રહ્યા પછી ગણપતરાવે ગીતાને પૂછ્યું-"કેમ ત્યારે, આ બધું જાણ્યા પછી તમને વિમાનમાં બેસવાની ઇચ્છા થાય છે ખરી કે?"

"હા હા." ગીતા તરતજ બોલી ઉઠી:-"વિમાનમાં તો હું બેસીશ, બેસીશ ને બેસીશ જ. તમે નહિ બેસાડશો તો બીજા કોઈ...."

ગણપતરાવે કહ્યું-"વાહ, તમે બેસવાને તૈયાર છો

તો હું શા માટે ન બેસાડું ? કોઈ દિવસ અનુકૂળતા મળ્યે હું મારૂં વિમાન આ બાજુ લઈ આવીશ. પણ જોજો, છેલ્લી ઘડીએ તમે ગભરાઇને ના પાડશો નહિ."

"ના ના. એવું નહિ બને." ગીતાએ તરત જ મક્કમપણે ઉત્તર આપ્યો.

જે કંઈ કામ મન પર લીધું તેમાં ઠેઠ પહોંચવું એવો ગીતાનો સ્વભાવ હતો અને હજુ યે છે.

૯

ધીમે ધીમે ગણપતરાવ ગાડગીલનો અને ગણપતરાવ મોડકનો પરિચય વધવા લાગ્યો ગાડગીલ ધીમે ધીમે મોડક કુટુંબમાં ભળવા લાગ્યો. એક બે વાર તે પોતાનું વિમાન બેલગામમાં લઈ આવ્યો અને ગીતાને તેમાં બેસાડી ફેરવી. ધીમે ધીમે તેમની વચ્ચે ગાઢ સંબંધ થયો, મૈત્રિ થઈ અને એ મૈત્રિ આખરે પ્રેમમાં પરિણમી. ગણપતરાવ ગાડગીલ હજુ અપરિણીત જ હતો અને તેમના વિવાહ સંબંધની આડે આવે એવું બીજું કાંઈ પણ કારણ ન હતું.

તેમણે અરસપરસ તો મન સાથે ગાંઠ વાળી દીધી કે આપણે એક બીજાને પરણીશું. બેઉને વિમાનનો શોખ છે તો બેઉ સુખી થઇશું !

પરંતુ આ વિવાહને માબાપ સંમતિ આપશે? એજ મોટો પ્રશ્ન હતો. મહા વિકટ પ્રશ્ન હતો. વિમાની પાયલોટ અથવા ખેચર તરીકેનું જીવન એટલે જોખમનો ભારો! એવા પુરૂષ સાથે પોતાની પુત્રીને પરણાવવાને ક્યાં માબાપ તૈયાર થાય? કોઈ નહિ. કઈ પળે આફત ઉતરે અને દીકરીને વૈધવ્યમાં ધકેલી દે તેનો ભરોસો શું?

એટલે ગીતાનાં માબાપે તો એ વિમાની પાયલોટ સાથે પરણાવવાની નાજ પાડી. ખાસ કરીને એની માતાએ. તે બોલી–"ના રે બા. મારી દીકરીને કપાળે વૈધવ્ય ટીલી આવે એવા જમાઈ સાથે મારે મારી દીકરીને દેવી નથી. ભલેને એ કુંવારી રહે."

પરંતુ ગીતા મક્કમ હતી. એને મન વિમાન અને વિમાની જીવન એ તો રમત હતી. ગમે તે ભોગે એને વિમાની જ્ઞાન મેળવવું હતું. વિમાની ગણપતરાવ ઉપર એને ખરા હૃદયનો પ્રેમ હતો. એણે તો જીદ લઈને પોતાની બાને કહ્યું–

"ના બા, હું તો એ (ગણપતરાવ)નેજ પરણીશ. એમના સિવાય બીજા બધા મારે ભાઈબાપ સમાન છે."

માતાએ ચીઢવાઈને કહ્યું–"અરે, પણ ગીતી, એના ધંધામાં આવડું મોટું જોખમ છે તેનું શું?

ગીતાએ આંખમાં પાણી લાવીને કહ્યું–"બા, તું એમ કેમ બોલે છે? શું તને પ્રભુ ઉપર શ્રદ્ધા નથી? તે દિવસે તુંજ કહેતી હતી કે બળતી આગમાં સુગ-

રીનાં બચ્ચાંને પ્રભુએ બચાવ્યાં! તુંજ કહેતી હતી કે કે જેને રામ રાખે તેને કોણ ચાખે? સૌનું નસીબ સૌની સાથે હોય છે તેને કોઈ મિથ્યા કરી શકતું નથી. એવા એવા શબ્દો તુંજ મને કહેતી હતી. જો મારા નસીબમાં દુઃખ હશે તો તું મને ગમે ત્યાં નાંખશે ત્યાંયે તે મારો કેડો છોડવાનું નથી. ઉલટું, મને મારી અણગમતી જગાએ નાંખવાથી ડબલ દુઃખ થશે. તેના કરતાં તો આ સારૂં છે. એથી મારા જીવને સંતોષ થશે. મા, પ્રભુએજ મને કહ્યું છે કે તું વિમાની થજે. એથી તું તારા દેશની સેવા કરી શકીશ, મને પ્રભુના એ આદેશ ઉપર વિશ્વાસ છે, શ્રદ્ધા છે. બા, તું મારી શ્રદ્ધાની આડે આવશે?"

ગીતા દલીલો કરવામાં ચતુર હતી. તેના હૃદયમાં વિમાની જ્ઞાન માટે સાચી ઉત્સુકતા હતી. એટલે તે અસરકારક શબ્દો વડે માને પીગળાવી શકી. એના પિતાનો વિરોધ કાંઈ એટલો બધો કડક ન હતો. માતા વળી ગઈ એટલે પિતાએ પણ સંમતિ આપી. પરંતુ તેમણે એક ટકોર તો કરીજઃ

"કેમ, તું તો કહેતી હતી ને કે હું તો પરણવાનીજ નથી. કુંવારીજ રહીશ. તે તારા વિચારો કયાં હવાઈ ગયા?"

ગીતા નીચું જોઈ ગઈ. શરમાઈને ધીમેથી જ બોલી–"બદલાઈ ગયા, બાપુજી."

૧૦

આખરે ૧૯૩૮ના જૂન મહિનામાં એકાદ સારૂં મુરત જોઈને ગીતા અને ગણુપતરાવ લગ્ન ગ્રંથિથી જોડાઈ ગયાં. જાણે દુધમાં સાકર ભળી ગઈ એમ બધાંને લાગ્યું !

લગ્ન થયા પછી પણ ગીતાએ પોતાનો અભ્યાસ ચાલુજ રાખ્યો. શ્રી ગણુપતરાવને તાતા એર સરવીસમાં નોકરી હતી અને તેને અંગે તેમને છ મહિના મુંબાઈમાં અને છ મહિના પૂનામાં રહેવું પડતું હતું. તેથી સૌ. ગીતાબાઈને પણ છ છ મહિને કોલેજ બદલવી પડતી. પહેલી ટર્મમાં તેણે ફરગ્યુસનમાં (પૂનામાં) અભ્યાસ કર્યો. બીજી ટર્મમાં તે રામનારાયણ રૂઇયા કોલેજમાં દાખલ થઈ! આ રીતે એણે પોતાનો બાકીનો કોલેજ અભ્યાસ ચાલૂ રાખ્યો ! આવી મુશ્કેલીમાં રહીને બી. એ.નો અભ્યાસ ચાલૂ રાખે એવી ભાગ્યે જ બીજી કોઈ વિદ્યાર્થિની હશે! માત્ર ખંત અને જ્ઞાન માટેની ધગશને લીધેજ ગીતાબાઈ અભ્યાસ કરી શકી. એ બદલ એને ઘણાજ ધન્યવાદ ઘટે છે.

આમ એનો અભ્યાસ ચાલતો હતો એટલામાં એના પતિએ એને મોટર ચલાવતાં શીખવી દીધું ! એટલું જ નહિ પણ વિમાન ચલાવવા માટેનું યંત્ર વિદ્યાનું જરૂરી જ્ઞાન પણ એને આપ્યું ! અને તે એણે શીખી પણ લીધું !

ગીતાને બી. એ.ની પરીક્ષા આપવાનો સમય આવી રહ્યો હતો.

એટલામાં યુરોપમાં લડાઈ ફાટી નીકળી. એ લડાઇના કારણે વિમાનનું શિક્ષણ લેનારાઓ માટે સરકારે થોડી છૂટછાટ મૂકી હતી. ગીતાબાઈ બી. એ.ની પરીક્ષામાં પાસ થાય એ વિશે તો શંકા જ નહોતી. છતાં સરકાર તરફથી મળતી સગવડનો લાભ લઈ પહેલાં વિમાનની પરીક્ષા આપી "એ" લાઈસન્સ મેળવી લેવું એવો વિચાર કરી બી. એ.ની પરીક્ષા જતી કરી.

વિમાનનું શિક્ષણ લેવા માટે એ તરત કરાંચી ગઈ.

કરાંચી જઈને તરત જ એણે વિમાનને લગતું શિક્ષણ લેવાની શરૂઆત કરી. રોજ અર્ધાથી પોણા કલાક સુધી એણે વિમાન ઉરાડવાનું શીખવા માંડ્યું. પરંતુ હવા વગેરેની મુશ્કેલીને લીધે અઠવાડિયામાં માંડ પાંચ દિવસ ઉડવાનું બની શકતું. એવી રીતે દિવાળીની રજાઓના અરસામાં એટલે ઓકટોબરથી નવેમ્બર અને તે પછી ફેબ્રુઆરીથી માર્ચ એમ બે મહિના જ એ શીખી શકી.

કરાંચીમાં એને વિમાનનું શિક્ષણ આપનાર એના શિક્ષક મિ. જોન્સ કરીને હતા. તેમના હાથ નીચે બે મહિના શીખી. એટલામાં તો વિમાન ઉરાડવામાં એ બહુ પાવરધી બની ગઈ.

'એ' લાઈસન્સ મેળવવા માટે ત્યાં એવો નિયમ

છે કે ૩૦ કલાક લાગલગાટ વિમાન ઉરાડવું પડે. એ ૩૦ કલાકમાં ૨૨ કલાક શિક્ષક સાથે અને ૮ કલાક પોતે જાતે, એકલા જ બેસીને વિમાન ઉરાડવાનું હોય છે.

ગીતાબાઈ એ પરીક્ષામાં બરાબર પસાર થઈ અને એણે 'એ' લાઇસન્સ મેળવ્યું.

વિમાન ઉરાડવા સારૂ લાઈસન્સ મેળવવા માટે અને તે પણ 'એ' લાઇસન્સ મેળવવા માટે ખર્ચ પણ ઘણો કરવો પડે છે. એક કલાકના ૨૫ રૂપિયા પ્રમાણે ૩૦ કલાકના ૭૫૦ રૂપિયા થાય. અને તે ઉપરાંત ડાકટરી તપાસ વગેરેના ૮૦૦ રૂપિયા થાય તે તો જુદા. એટલે બધું મળીને કુલ રૂપિયા ૧૫૫૦નો ખર્ચ થયો. તેમાંથી ૧૦૦ પાછા મળ્યા. 'એ' લાઇસન્સ મેળવનાર દરેકને તેણે ભરેલી રકમમાંથી ૧૦૦ રૂપિયા પાછા આપવા એવો નિયમ છે.

વિમાનનું શિક્ષણ લેવામાં ગીતાબાઇને કોઈપણ જાતની મુશ્કેલી નડી નહિ. મૂળથીજ કઠણ હૈયાની હોવાથી વિમાનના ગમે તેવા ચકરાવાઓ લેતાં પણ એને ગભરામણ કે ક્ષોભ જેવું કંઈ પણ થયું નહોતું.

અને આમ નાનપણથી સેવેલી અભિલાષા એણે ખંત અને મહેનતથી પૂર્ણ કરી!

મનના મનોરથો પાર પાડવાનું ઘણા થોડાનાજ નશીબમાં લખાયું હોય છે. સૌ. ગીતાબાઇ એવા સફળ થનારાઓમાંની એક છે. તેણે વિમાન ચલાવવાની ઇચ્છા બચપણમાં કરી અને મોટપણમાં તેણે સફળતા મેળ-

વીજ. આપણા દેશમાં વિમાન ઉડાવવાનું કામ જાણનારી સ્ત્રીઓ બહુ ઓછી છે. સૌ. ગીતાબાઈ તેમાંની એક છે અને મહારાષ્ટ્રમાં તો તે સૌથી પહેલીજ વિમાનીબાઈ છે. એટલે એની હિંમત માટે એને ખૂબ ધન્યવાદ ઘટે છે!

આપણાં લોકો–પછી તે પુરૂષ હો કે સ્ત્રી–મોતથી બહુ ડરે છે. આપણે જીવીએ છીએ તે પણ મોતના ડરથીજ. આપણે જીવવા કરતાં મરવાનો સૌથી પહેલાં અને સૌથી વધુ વિચાર કરીએ છીએ. અને તેથીજ જીવનમાં કશું સાહસભર્યું કે મહત્વનું કાર્ય આપણે કરી શકતા નથી.

આપણા સમાજમાં એવા કેટલાય લોકો છે જે વિમાનમાં બેસવાના ખાલી વિચાર માત્રથી જ કંપી ઉઠે છે! જેની પાસે પૈસા નથી એવા લાચાર માણસોની વાત બાજુએ રાખીએ, તો પણ જેની પાસે પુષ્કળ પૈસા છે એવા સાધન સંપન્ન માબાપો પણ પોતાનાં છોકરાંઓને વિમાનનું શિક્ષણ આપતાં ગભરાય છે. અને તે માત્ર પોતાના ડરથી જ. અરે, શક્તિશાળી માતપિતાનાં યુવાન સંતાનો પણ ભાગ્યે જ એ શિક્ષણ લેવાને તૈયાર હોય છે! એ આપણું દુર્ભાગ્ય છે.

આપણે મનમાંથી ડર કાઢી નાંખવો જોઇએ.

સમાપ્ત

સ્ત્રી-ઉપયોગી પુસ્તકો

સ્ત્રીશક્તિ ગ્રંથમાળા

સટ પહેલો: ૧ થી ૧૦

૧ વંધ્યા—સવિતા જુવાન ગુજરાતણની આબેહૂબ મૂર્તિ છે. તેના હૈયાની વેદના ચીતરતી આ ચોપડી એકેએક વાંચકે વખાણી છે. ૦—૪—૦

૨ કાકી—શરદ બાબુની કલમે લખાયલી આ વાર્તા સ્ત્રીઓ માટે સરસ આદર્શ રજુ કરે છે. ૦—૩—૦

૩ કાયદામાં સ્ત્રીનું સ્થાન (દરેક સ્ત્રી વાંચે)—હિન્દુ સ્ત્રીનું કાયદામાં કેવું સ્થાન છે, તેના હકો શા છે ને શા હોવા જોઇએ, પારસી, મુસ્લીમ સ્ત્રીઓને કેવા હક છે વગેરે માહિતીથી ભરપૂર આ ચોપડી ગુજરાતીમા એકજ છે. દરેક બાપે દીકરીને, ભાઇએ બહેનને, ને વરે વહુને વંચાવવીજ જોઇએ. ૦—૩—૦

૪ અર્ધાંગના—સ્ત્રીઓ આફતને વખતે પતિને કેવી રીતે મદદ-

ગાર બની શકે તેના આદર્શ રજુ કરતી વાતો. ૦–૪–૦

૫ **ગૃહવ્યવસ્થાની વાતો (બેટરી)**—ઘરખટલાની આંટીઘુંટી પર અજવાળું પાડનારી આ વાતીઓ ગુજરાતી સાહિત્યમાં નવીજ ભાત પાડે છે. ૦–૬–૦

૬ **ખાંયણાં**—કોડીલી ગુજરાતણના હૈયામાંથી ટપકેલી જીવનની રમુજી, દયામણી, તેમજ આનંદી બાજુનાં ચિત્રો દોરતી આ લોકગીતોની ચોપડી ઘેરેઘેર રાખવા લાયક છે. ૦–૫–૦

૭ **બલિદાન**—આવતી પ્રજાને શૂરવીર બનાવવા માટે બહેનોમાં આ પરાક્રમની ગદ્ય કવિતાઓનો ખૂબજ પ્રચાર થવો જરૂરી છે. સર અવસરે તેમજ ખાસ કરીને સગર્ભાવસ્થામાં ભેટ આપવા જેવી રૂપાળી ચોપડી. ૦–૫–૦

૮ **ભવાટવી**—હિંદુ સંસારમાં સ્ત્રીઓનાં જીવનની દયામણી બાજુ બતાવતી આ સાચી આત્મકથાઓ વાંચતાં આંખ ભીની થશે. ૦–૪–૦

૯ **મા**—વર, વહુ, મા, બાપના પરસ્પર સંબંધ પ્રેમાળ અને વહાલસોયા કેવી રીતે બને તેની છણાવટ આ વાતોમાં કરેલી છે. ૦–૪–૦

૧૦ **જયાના પત્રો–કસોટીમય લગ્ન**—વરવહુનું જીવન સુખી કેમ બને તે સમજાવતાં અને વરે વહુ સાથે ને વહુએ વર સાથે કેવી રીતે વર્તવું તેના પર અજવાળું પાડનારા આ કાગળો બહુજ રસીલા છે. ૦–૬–૦

આખો સટ રૂા. ૨–૧૨–૦ને બદલે રૂા. ૨–૯–૦

સટ બીજો: ૧૧ થી ૨૦

૧૧ **પતિની પસંદગી**—વરવહુ પોતે એકમેકને પસંદ કરે એવા વિચારો ધરાવનારાઓએ આ વાર્તાઓનું ઝુમખું ખાસ વાંચવા ને વંચાવવા લાયક છે. ૦–૪–૦

૧૨ **લીલીની આત્મકથા**—એક દુઃખીયારી બહેનની આ આત્મકથા સાવકા સહીયારાંનાં દુઃખો પર અજબ જેવો નવીન પ્રકાશ પાડે છે. જગતમાં શું આવું યે બને છે ?!—એમ આશ્ચર્ય થશે. ૦–૩–૦

૧૩ **ફોઈ**—બંગાળનાં ગામડાંઓમાં સ્ત્રીઓની સ્થિતિ કેવી ખરાબ છે તેનો ચિતાર રજુ કરતી આ વાર્તા ઘણી જ રસિક તથા બોધક છે. ૦–૪–૦

૧૪ **પારસી વાનીઓ**: (શાકાહારી)—લગભગ સો ઉપરાંત ભાતભાતની લસલસતી, લહેજતદાર, માંસમદ્દી વગરની વાનીઓ બનાવવાની સહેલી, ઝટ સમજાય એવી રીતે આમાં આપેલી છે. ૦–૬–૦

૧૫ **વિધવા**: હિન્દુ સંસારની એ દુઃખદ બાજુની જુદી જુદી નજરે છણાવટ કરતી આ ચાર વાર્તાઓમાં ઘણો નવીન પ્રકાશ પાડેલો છે. ૦–૫–૦

૧૬ **કોને પરણું ?**—અભણ ગૌરી ગામડાની છે. ભણેલી ઇન્દુલેખા શહેરની છે. ગામડાની ગૌરી, ઇન્દુલેખા માટે જે ભોગ આપે છે તે ભોગ ઇન્દુલેખાના પોતાના ભોગ જેટલોજ મહાન છે ! આર્ય રમણીના હૃદયની ઉત્તમતાનું આ ચિત્ર જેટલું ભવ્ય છે તેટલુંજ રસિક છે. ૧–૪–૦

૧૭ **સુઘડતા ને સુંદરતા**—વાળનું જતન, દાંતનું જતન,

ચહેરાનું જતન, કપડાં અને ઘરેણાં પહેરવાની કળા, તંદુરસ્તી ખીલવીને સુંદર બનાવવાની કરામતની આ ચોપડીનો જોટો ગુજરાતી ભાષામાં નથી જ. ૦–૮–૦

૧૮ હાસ્ય ફુવારો—શ્રી 'પ્રસાદ'ની રમુજી સામાજિક વાતોનો આ સંગ્રહ દરેક કક્ષાની બહેનોને અત્યંત રસિક લાગશે અને નિર્દોષ આનંદ આપશે. ૦–૮–૦

૧૯ ભૂતના ભડકાઃ—શ્રી ધનસુખલાલ મહેતાની લખેલી આ સુંદર સામાજિક વાતોનો સંગ્રહ સર્વત્ર વખણાયો છે. પૃષ્ઠ બસો. ચિત્રો પણ પુષ્કળ આપેલાં છે. ૧–૮–૦

૨૦ વિષવૃક્ષઃ—બંકિમબાબુની આ ત્રીજી સર્વમાન્ય નવલકથા હિન્દુ સંસારી કોયડાઓની છણાવટ ઘણી જ સરસ રીતે કરે છે. બંગાળામાં ઘેરઘેર વંચાય છે. ૧–૮–૦

આખો સટ રૂા. ૬–૧૦–૦ને બદલે રૂા. ૬–૩–૦

—•—

સટ ત્રીજોઃ ૨૧ થી ૩૦

૨૧ હાસ્ય કલાપ—સામાન્ય કોટિનાં માણસો ઓઓ બાળકોને પણ ખડખડ હસાવે તેવી, છતાં તદ્દન નિર્દોષ અને નિર્ભય વાર્તાઓનો આ સંગ્રહ ગુજરાતના હાસ્ય સાહિત્યમાં સારું સ્થાન પામ્યો છે. ૧–૮–૦

૨૨ દેવી ચૌધરાણી—પ્રફુલ્લ નામની સાદી સીધી બાળા કેવી રીતે વીરાંગના બને છે તેનો અત્યંત રસિક અને પ્રેરક હેવાલ. મૂળ બંકીમ બાબુએ લખેલો છે. ૧–૮–૦

૨૩ વીર રોઝાક (કાળું ગુલાબ)—કાન્સના નવલસમ્રાટ એલેક-

ઝાંડર ડૂમાએ લખેલી એક જેલર બાળાના પ્રેમ અને શરાતનની અજબ જેવી ઇતિહાસ કથા. ૧—૦—૦

૨૪ હાસ્ય ઝરણાં—હાસ્યરસના પ્રસિદ્ધ લેખક શ્રી હરિપ્રસાદ વ્યાસની આ વાતો આપણા સંસારની બુરી બાજુ પર ચાબખા મારતાં મારતાં ખૂબજ કલ્લોલ કરાવે છે. ૧—૮—૦

૨૫ "જરા ચ્હા મૂકજો" (હાય આસામ)—સહવારે ને બપોરે મોજથી પીવાતા ચ્હાના પ્યાલાઓના ભીતરમાં ચ્હાના બગીચાઓના મજુરોની કેવી કરૂણ હાય વસી છે, તેનું એક મજુરે લખેલું સાચું વાર્તા રૂપ બ્યાન. જે વાંચીને સેંકડો માણસોએ ચ્હા ત્યજી છે. ૧—૦—૦

૨૬ રાસ રજની: (નવી આવૃત્તિ)—ગરબા પુસ્તકોની મહારાણી. ૧—૧૨—૦

૨૭ જીવન પલટો—આમાં ત્રણ જુદી જુદી સ્ત્રીઓનું જીવન જુદી જુદી રીતે બદલાઇ જાય છે તેનું વર્ણન આલેખતી રસિક ને બોધક વાર્તાઓ આપેલી છે. ૦—૪—૦

૨૮ સુખી ઘર—આપણા ઘરને સ્વર્ગ સમાન સુખી કેવી રીતે બનાવવું તેના પદાર્થપાઠ રૂપ ચિત્ર આલેખતી બોધકથા. ૦—૩—૦

૨૯ ભરત ગુંથણ—નાની બાળિકાઓ પણ સહેલાઇથી સમજીને શીખી શકે એવી શૈલીમાં એક અનુભવી પારસી બહેને લખેલું પુસ્તક, જાતજાતની તરાહ તેમજ આકૃતિઓ સાથે. ૦—૧૦—૦

૩૦ ચોર્યાસીનું ચક્કર—ગુજરાતના એક અનુભવી હાસ્યરસના લેખકે આ પુસ્તિકામાં સ્ત્રીઓને રસ પડે અને સહેલાઇથી સમજાય એવી રીતે સંસારની ગમ્મતભરી વાતો લખી છે. ૦—૧—૦

આખો સટ રૂા. ૯—૧૦—૦ ને બદલે રૂા. ૯—૦—૦

—૦—

સટ ચોથો: ૩૧ થી ૪૦

૩૧ રઝિયા બેગમ—દિલ્હીના ચક્રવર્તી સિંહાસન પર બેસી રાજ્ય ચલાવનારી પ્રહેલવહેલી સમ્રાજ્ઞીનું જીવનચરિત્ર. લ્હાણી માટે ઉત્તમ છે. ૦—૩—૦

૩૨ ગૃહવિવેક અને બીજી વાતો—આમાંની મુખ્ય વાર્તામાં વિલાયતી અને દેશી સભ્યતા, ઘરની રીતભાતની તુલના કરેલી છે. બીજી વાર્તાઓ પણ ખુબ રસિક અને બોધક છે. ૦—૬—૦

૩૩ સખીના પત્રો અથવા સંસારનાં દર્દો—લગ્નની નિષ્ફળતાથી કંટાળી જઇને આપઘાત કરવા તત્પર થયેલી એક યુવતિને તેની બ્હેનપણી પત્રો દ્વારા ખરો માર્ગ સુઝાડે છે. દરેક માબાપે આ પુસ્તક પોતાની પુત્રીને પરણાવતાં પહેલાં આપવું ઘટે છે. ૦—૮—૦

૩૪ સ્ટવનું શાસ્ત્ર—આ નાનકડી પુસ્તિકામાં પ્રાઇમસ સ્ટવ વિશે, તેની રચના, તથા જુદા જુદા ભાગો વિશે સચિત્ર અને વિગતવાર સમજૂતી આપી છે. ૦—૩—૦

૩૫ સ્ત્રી હૃદય—આ નાની સરખી નવલિકામાં સ્ત્રી હૃદયનો સાચો ચિતાર આપેલો છે. એક આદર્શવાદી જુવાન પાછળ

ઘેલી બની જીવન બલિદાન આપનાર વારાંગનાની કથા એકી બેઠકે પુરી કરવી ગમે તેવી છે. ૦—૩—૦

૩૬ **માતૃપ્રેમ અને બીજી વાતો**—આ સંગ્રહની મુખ્ય વાતમાં એક માતા પોતાનાં સંતાનને ખાતર શું શું સહન કરી શકે છે તેનું આદર્શ દૃષ્ટાંત આપ્યું છે. બીજી વાર્તાઓમાં પણ ઉત્તમ સ્ત્રી પાત્રોનાં આલેખન છે. ૦—૪—૦

૩૭ **પારસી લગ્નગીતો** અને ગરબા—શું પારસી લોકોમાં બી લગન વખતે ગીતો ગવાય છે? તમે નવાઇ પામશો. છતાં આ ચોપડી જોશો એટલે ખાત્રી થશે. કેટલાંક ગીતો તો ખૂબ રમુજી ને આનંદજનક છે. ૦—૬—૦

૩૮ **દામ્પત્ય જીવન**—સંતતિનિયમન, કસુવાવડ, પ્રતિપ્રેમ જાળવવાની કળા, શરીર નિરોગી ને સુડોળ રાખવાની કળા તથા માસિકને લગતી દરેક ફરિયાદો મટાડવાની વિદ્યા—એ બધુંજ આ પુસ્તકમાં આપ્યું છે. ૨—૮—૦

૩૯ **વહેમી પતિ**—એક સંસ્કારીક અને સુધારક યુવાન પોતાની સુંદર અને સુશીલ પત્ની તરફ વહેમાય છે. એ 'વહેમ'ને કારણે તે પત્નીનો ભોગ લે છે. ને પછી ગાંડો બને છે એ પાગલની આપવીતીનો કરૂણ અને હૃદયસ્પર્શી હેવાલ ગૃહજીવનનો નવોજ કોયડો ઉકેલે છે. ૦—૩—૦

૪૦ **આરોગ્ય અને સુખ**—આ પુસ્તકમાં દરેક સ્ત્રી પોતાના કુટુંબની તેમજ પોતાની સુખાકારી કેવી રીતે જાળવી શકે તેને લગતું જરૂરી જ્ઞાન, દરેક ખાદ્ય ચીજોના ગુણદોષ વગેરે આપેલું છે. દરેક ગૃહિણીએ આ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. ૦—૬—૦

આખો સટ રૂા. ૫-૨-૦ને બદલે રૂા. ૪-૧૩-૦

સટ પાંચમોઃ ૪૧ થી ૫૦

૪૧ સામાજિક વાતો—સંસારના જુદા જુદા કોયડા ઉકેલતી તાદૃશ વાતો એકી બેઠકે પૂરી કરવી જ પડે તેવી રસિક છે. ૦—૫—૦

૪૨ રમુજી વાતોઃ (સ્ત્રીશક્તિની)—આ વાતોએમાંની ઘણીક આપણા હંમેશના જીવનનાં દૃશ્યોમાંથી ઉપજાવી છે ને ખૂબ હસાવે તેવી છે. ૦—૪—૦

૪૩ ભલી ભાભી—એક સંસ્કારી સ્ત્રી પોતાના દીયરના અપકાર ઉપર ઉપકાર કરી તેને કેવી રીતે નમાવે છે, તેનું સુંદર દૃષ્ટાંત આમાં છે. વૈધવ્ય પામેલી આર્ય અબળા પોતાની નીતિ મર્યાદા સાચવીને પ્રમાણિકપણે પોતાનું ગુજરાન કેવી રીતે કરી શકે તેનો પણ બોધપાઠ છે. કિંમત પણ અલ્પ હોવાથી લ્હાણી કરનારા માટે બહુ જ સગવડભરેલી છે. ૦—૧—૦

૪૪ પતિ પ્રભુ છે—આ ચોપડી પણ લ્હાણી માટે ખૂબ સસ્તી કિંમતે કાઢેલી છે. એમાંની વાતો પતિવ્રતની બહુ જ સચોટ છાપ પાડે છે. એક સંસ્કારી પત્ની પોતાના દારૂડિયા ને રખડેલ પતિને વશ કરે છે. ૦—૧—૦

૪૫ માંદગી અને માવજત—દરેક સ્ત્રીને આ વિષયનું તો જ્ઞાન હોવું જ જોઇએ. માંદાની સારવાર સંબંધી ખૂબ ઉપયોગી સૂચનાઓથી આ પુસ્તક ભરેલું છે. ૦—૪—૦

૪૬ વાતનું વતેસર—બાળાઓ સ્હેલાઇથી ભજવી શકે એવું હાસ્યરસિક નાટક. ૦—૧—૦

૪૭ ઘરેણાંનો શોખ—વિમળા નામની એક બોળી ભલી

સૌંદર્યશોખીન બાળાએ પોતાના ઘરેણાં-શોખને લીધે પોતાનો પતિ જેલમાં જાય એવા સંજોગો કેવી રીતે ઉભા કર્યા તેનો તાદ્દશ ચિતાર આપતી આ વાર્તા સચોટ અસરકારક છે.
૦–૧–૦

૪૮ પારસી સતીઓ—રાજાબાઈ ટાવર પરથી બે પારસી બહેનોએ પોતાનું શીયળ સાચવવા ખાતર ભુસકા મારી કરેલા આપઘાત. ૦–૬–૦

૪૯ એકાદશી—શ્રી સરોજિની મહેતા (એમ. એ.)ની લખેલી અગિયાર સુંદર સામાજિક વાતો. બધીજ નવા સિધ્ધાંતો રજૂ કરે છે. ૦–૧૧–૦

૫૦ રાણકદેવી—હજાર વર્ષ ઉપર થઇ ગયેલી મહાન વિભૂતિની આ જીવનકથા અર્વાચીન શૈલીમાં ગુજરાતના એક ઉત્સાહી સિદ્ધહસ્ત લેખકે ઘણીજ રસિક લખેલી છે.
૦–૧૨–૦

આખો સટ રૂા. ૨–૧૩–૦ને બદલે રૂા. ૨–૧૦–૦

—०—

સટ છઠ્ઠો: ૫૧ થી ૬૦

૫૧ શિવાજીની બા—મહારાષ્ટ્ર વીર શિવાજીને જન્મ આપી ઉછેરનાર વીર માતાનું રસિક અને પ્રેરણાદાયક જીવન-ચરિત્ર દરેક બહેને એક વાર અવશ્ય વાંચવું જ જોઇએ. (તેર આનાની ટિકિટ બીડવી) ૦–૧૦–૦

૫૨ સાસુની શિખામણ—વહેમી માન્યતાઓને લીધે સ્ત્રીઓનાં જીવનની કેટલી હાનિ થાય છે તેની બોધકથા. ૦–૧–૦

૫૩ **કાયદાનું અજ્ઞાન**—એ અજ્ઞાનને લીધે બહેનો પોતાની
  ટુંકી દોલત કેવી રીતે ખુએ છે તેની બોધકથા. વ્યાજ ઉપ-
  જાવવાની જરૂરી માહિતી સાથે. ૦—૧—૦

૫૪ **નામ વગરની નવલકથા**—કપરા સંજોગોમાં મૂકાયેલી
  એક પારસી બહેનના અનુભવોની રસિક વાતો. ડીટેકટીવ
  રસથી ભરપૂર. ૧—૮—૦

૫૫ **નારીભિષક**—સ્ત્રીઓના રોગોની ચિકિત્સા તથા ઉપ-
  ચાર વિશેનું પ્રમાણભૂત પુસ્તક. ૦—૪—૦

૫૬ **માસિક ધર્મ**—'અટકાવ' વિશેની ઉપયોગી માહિતીથી
  ભરેલો નિબંધ. ૦—૨—૦

૫૭ **નવા સાથિયા**—દિવાળીના દિવસોમાં પોતાનું આંગણું
  દીપાવવા માટેના સુંદર અજોડ નમુના આમાં આપ્યા છે.
  ૦—૨—૦

૫૮—૫૯ **વીર તારા**—(બે ભાગમાં) તોડાની વીરાંગનાનું પ્રેર-
  ણાત્મક ચરિત્ર. પૃષ્ઠ ૪૦૦ ગ્લેઝ કાગળ. કુલ ૨—૪—૦

૬૦ **ગોરમાનાં ગીતો**—ગોરોમાં ગવાતાં ગીતોનો સંગ્રહ
  ૦—૧—૦

આખો સટ રૂા. ૫—૧—૦ને બદલે રૂા. ૪—૧૨—૦

—०—

સટ સાતમો ૬૧ થી ૭૦

૬૧ **મેડમ ડેમીડા**—(નીહિલિસ્ટોના પંજામાં) આ એક રૂશિયન
  વાર્તા છે. જેમાં મેડમ ડેમીડા નામની એક સ્ત્રી ઘણાંજ
  હેરતભરેલાં તેમજ બુદ્ધિ-ચાતુરીનાં કામો કરે છે. ૦—૧૨—૦

૬૨ **સામાજિક વાતો. ભાગ ૨.—લેખક શ્રી રમાકાન્ત દ્વિવેદી.** આમાં આપણા આધુનિક સમાજને સ્પર્શતી અને તેનાં જુદાં જુદાં દૃષ્ટિકોણ રજુ કરતી રસિક નવલિકાઓ આપેલી છે. ૦-૩-૦

૬૩ **ગુણિયલ ગૃહિણી**—સારી ગૃહિણી કોણ? પોતે ભપકાદાર સાડી પોલકાં પહેરીને ઠેર ઠેર ભાષણો કરતી ફરે તે? કે પોતે આત્મભોગ આપીને પોતાનાં અને પોતાની આસપાસનાંઓને સુખી કરવા પ્રયત્ન કરે તે? આ પ્રશ્ન સમાજનો સનાતન પ્રશ્ન છે. તેને વિશે વિચારો જગાડતી આ નાનકડી નવલિકા ખરેખર વાંચવા અને વંચાવવા જેવી છે. ૦-૧-૦

૬૪ **સ્ત્રી સ્વાતંત્ર્ય**—સ્વતંત્રતાના અંધ ખ્યાલોમાં અથડાતી એક યુવતી આખરે ઠોકરો ખાઇને કેવી રીતે પાછી સાચા માર્ગ ઉપર આવે છે તેનું આ નવલિકામાં શ્રી રમાકાન્ત દ્વિવેદીએ સરસ આલેખન કર્યું છે. ૦-૧-૦

૬૫ **દક્ષિણી રાંધણકળા**—મહારાષ્ટ્રમાં બનતી રસોઇની વાનીઓ કેવી રીતે બનાવવી તેનું આ પુસ્તક ગુજરાતમાં વસતી એક ચતુર દક્ષિણી બહેને લખેલું છે. ૦-૩-૦

૬૬ **સતી જસમા**—પતિવ્રતની ખાતર પ્રાણ આપનારી આ વીર નારીની જીવનકથા સરળ, સાદી ને રસઝરતી બાનીમાં આલેખી છે. ૦-૬-૦

૬૭ **સંસાર દર્શન**—સંસારમાં ડગલે ને પગલે અનેક મુંઝવતા પ્રશ્નો આવી પડે છે. આ પ્રશ્નોને જુદી જુદી નજરે ટુંકી વાતોમાં નીરખીને વણી લીધા છે. ૦-૬-૦

૬૮ **ભૂમિમાતા-આનંદમઠ-વંદેમાતરમ્-રાષ્ટ્રગીતના** ઉદ્‌ભવ સ્થાન રૂપ નિર્મળ દેશભક્તિની અપૂર્વ પ્રેરણા આપતું રત્ન.

સાક્ષર શ્રી મંજીમચંદનું લખેલું આ પુસ્તક એકએક હિંદી સ્ત્રી પુરૂષે વાંચવા જેવું છે. નવી આવૃત્તિ ૧—૮—૦

૬૯ બાળવિધવા—બાળવિધવા એ ગુજરાતના ઉચ્ચ સમાજનું દયામણું પ્રાણી છે. એના પ્રત્યે દરેક સહૃદય માણસ સહાનુભૂતિથી જુએ છે. અને ઘણાક સંસ્કારી યુવકો તો તેનો હાથ ઝાલી સુખી કરવાની ધગશ ધરાવે છે. એવી બે બાલિકાઓએ પોતાનો માર્ગ કેવી રીતે કરી લીધો તેનો ચિતાર આમાં છે. ૦—૨—૦

૭૦ સાચાં સહોદર—ભાઇ બ્હેનનાં પ્રેમની અદ્ભુત ઝાંખી કરાવતી આ નવલકથા વાંચતાં હૃદયને હલમલાવી નાંખે છે. ૧—૮—૦

કુલ રૂા. ૫—૨—૦ને બદલે રૂા. ૪—૧૩—૦

સટ ૮મો: ૭૧ થી ૮૦

૭૧ ચેપડા અથવા એક પર બીજી—સુંદર પાત્રાલેખનવાળી આ સામાજિક વાર્તા એક પર બીજી પત્ની કરનારને અજબ જેવી રીતે કેવી નસીયત મળે છે તેનું દષ્ટાંત રજુ કરે છે. ૦—૩—૦

૭૨ સુકન્યા—એક પતિવ્રતા સ્ત્રી જાતિભ્રષ્ટ, ધર્મભ્રષ્ટ અને ખુની પતિને પોતાની તપશ્ચર્યાથી સુધારે છે તેની રસિક નવલિકા. ૦—૨—૦

૭૩ વીરાંગના નીલાદેવીઃ—પંજાબની એ શૂરવીર રાજરાણી પ્રતિજ્ઞાપાલન તથા દેશની મુક્તિ માટે કેવી રીતે ઝઝુમે છે તેનું ઉત્તમ દષ્ટાંત આ વાર્તા પૂરૂં પાડે છે. ૦—૧—૦

પોસ્ટેજ જુદું

: સ્ત્રીશક્તિ ગ્રંથમાળા વિશે

પ્રશંસાના ઉદ્‌ગારો.

ભરત ગુંથણ—વિશે લોકવાણીના તંત્રીજી લખે છે—

આ પુસ્તક ઘેર ભરત ગુંથણ કરતાં અને શાળામાં અભ્યાસ કરતી બ્હેનોને સારૂં માર્ગદર્શક થઈ પડે એવું છે. ભરત ગુંથણની પદ્ધતિ એમાં સમજાવવામાં આવી છે ને એ પદ્ધતિને સાનુકૂળ ચિત્રો પણ પુષ્કળ આપવામાં આવ્યાં છે...આ પ્રકારનું પુસ્તક બહુ ઉપયોગી થઈ પડે તેમ છે.

સુખી ઘર—વિશે પ્રસ્થાનના તંત્રીજી લખે છે—

સ્ત્રીઓને ગૃહિણી તરીકે સ્વમાન જાળવવાનો, ઘરકામને દીપાવવાનો, સંસ્કારી થવાનો બોધ મળે તેવું સાહિત્ય આ પુસ્તકમાં સુગમ ભાષામાં આપેલું છે.

ભલી ભાભી—વિશે સાપ્તાહિક મુંબાઈ સમાચારના તંત્રીજી લખે છે—

આ નાનકડી પેમ્ફલેટ સ્ત્રીઓને ઉદારતાનો બોધપાઠ આપવાનું કાર્ય બહુજ સુંદર રીતે કરી શકે તેમ છે...એની લ્હાણી થવી જોઈએ.

પતિ પ્રભુ છે—વિશે સા. મુંબઈ સમાચારના તંત્રીજી લખે છે—

આ ચોપડી પણ લ્હાણી કરવા જેવી છે. એક દારૂડીયા ધણીની સ્ત્રી પોતાના પતિને ખાતર ખૂબ સંકટો સહન કરે છે આખરે તે વશ થાય છે ને પોતાની કુટેવો છોડે છે. ને બેઉ સુખી થાય છે.

સ્ત્રીશક્તિ ગ્રંથમાળા વિશે

પ્રશંસાના ઉદ્ગારો

માંદગી અને માવજત—વિશે મુંબાઇ સમાચાર લખે છે—

આપણે સ્ત્રીઓની સ્વતંત્રતા ને સમાનતા વિશે ગમે તેવી વાતો કરીએ, છતાં સ્ત્રીઓમાં જે નૈસર્ગિક કળા છે તેને પુરૂષો કદિ પહોંચી શકવાના નથી. તેમાંની એક કળા તે નર્સીંગ છે—દરેકે દરેક સ્ત્રીના હાથમાં આ પુસ્તક મૂકાય તે તેથી તેને એ વિષયનું સારૂં જ્ઞાન પ્રાપ્ત થાય એ નક્કી છે.

પ્રજાબંધુના તંત્રીજી લખે છે—

ઘરમાં સ્ત્રીને માંદાની માવજતનું જ્ઞાન હોય તે હિંદુ સમાજમાં ખૂબ જરૂરનું છે. એ જોતાં તેમની દ્રષ્ટિએ લખાયલું આ પુસ્તક કીમતી થઇ પડશે.

રઝિયા બેગમ—વિશે પુસ્તકાલયના તંત્રીજી લખે છે—

આ પુસ્તિકામાં તેરમી સદીની આ સુલતાનાનો સરસ પરિચય અપાયો છે...લેખન શૈલી વખાણવા જેવી છે.

ગૃહવિવેક—વિશે તેઓ લખે છે—

વાર્તાઓ બોધક છે. સ્ત્રીઓ માટે પુસ્તક મઝાનું ને આવકારપાત્ર છે. મહિલા પુસ્તકાલયો જરૂર ખરીદે.

સખીના પત્રો—વિશે લોહાણા હિતેચ્છુના તંત્રીજી લખે છે—

આ ઉપયોગી પત્રમાળાને પુસ્તકનું રૂપ આપી સ્ત્રી સા. મંદિરના સંચાલકે એ વર્તમાન જગતને પોતાની એક ઉણપનું જ્ઞાન આપ્યું છે. આવાં પુસ્તકોનો વધુ પ્રચાર કરવાની સૂચના સહ લેખક તથા પ્રકાશકને અભિનંદન

દેશબંધુ પ્રેસ, સુરત

સ્ત્રી:શક્તિ–ગ્રંથમાળા

સટ પહેલો:

૧	[illegible]	૦-૪
૨	કાકી	૦-૩
૩	કાયદામાં સ્ત્રીનું સ્થાન	૦-૩
૪	અર્ધાંગના (વાર્તા)	૦-૪
૫	વૃદ્ધાવસ્થાની વાતો	૦-૬
૬	ગાયણાં ([illegible])	૦-૫
૭	[illegible]	૦-૫
૮	[illegible]	૦-૪
૯	[illegible]	૦-૪
૧૦	[illegible]	૦-૬
	આખો સટ રૂ.	૨-૯-૦

સટ ત્રીજો:

૨૧	હાસ્યકલાપ (રમુજ)	૧-૮
૨૨	દેવી ચૌધરાણી	૧-૮
૨૩	વીર [illegible]	૧-૮
૨૪	હાસ્ય ઝરણાં (રમુજ)	૧-૮
૨૫	"જરા [illegible] મૂકજો"	૧-૦
૨૬	રાસરજની	૧-૧૨
૨૭	જીવનપલટો (વાર્તા)	૦-૩
૨૮	સુખી ઘર (બોધક)	૦-૮
૨૯	ભરત ગુંથણ	૦-૧૦
૩૦	[illegible]	૦-૫
	આખો સટ રૂ.	૯-૮-૦

સટ બીજો:

૧૧	પતિની પસંદગી	૦-૪
૧૨	સ્ત્રીઓની આત્મકથા	૦-૬
૧૩	પ્રેમ	૦-૪
૧૪	પારસી વાર્તાઓ	૦-૬
૧૫	વિધવા (વાર્તા)	૦-૫
૧૬	કોને પરણું? (વાર્તા)	૧-૪
૧૭	સુઘડતા ને સુંદરતા	૦-૮
૧૮	હાસ્યફુવારો	૦-૮
૧૯	ભૂતના ભડકા (વાર્તા)	૧-૮
૨૦	વિષવૃક્ષ	૧-૮
	આખો સટ રૂ.	૬-૩-૦

સટ ચોથો:

૩૧	રઝીયા બેગમ	૦-૪
૩૨	ગૃહવિવેક	૦-૬
૩૩	સ્ત્રીઓના પત્રો	૦-૮
૩૪	સ્વપ્નનું શાસ્ત્ર	૦-૩
૩૫	સ્ત્રી હૃદય	૦-૩
૩૬	માતૃપ્રેમ	૦-૪
૩૭	પારસી લગ્નગીતો	૦-૬
૩૮	દાંપત્ય જીવન	૨-૮
૩૯	વહેમી પતિ	૦-૩
૪૦	આરોગ્ય અને સુખ	૦-૬
	આખો સટ રૂ.	૪-૧૩-૦

શ્રી શક્તિ-ગ્રંથમાળા

સેટ પાંચમો:

41 સામાજિક વાતો ૦-૪
42 રમુજી વાતો ૦-૪
43 ભલી ભાભી ૦-૧
44 પતિ પ્રભુ છે ૦-૧
45 માંદગી-માવજત ૦-૪
46 [illegible] ૦-૧
47 ઘરેણાંનો શોખ ૦-૧
48 પારસી સતીઓ ૦-૬
49 એકાદશી ૦-૧૧
50 રાણકદેવી ૦-૧૨

આખો સેટ રૂા. ૩-૧૦-૦

સેટ છઠ્ઠો:

51 શિવાજીની મા ૦-૧૦
52 સાસુની શિખામણ ૦-૧
53 કાયદાનું અજ્ઞાન ૦-૧
54 નામ અમરની નવલકથા ૧-૮
55 નારી[illegible] ૦-૪
56 [illegible] ધર્મ ૦-૨
57 નવા સાથીઓ ૦-૨
58 પાંચ તારા (ભા-૧) ૧-૮
59 ,, ,, (ભા-૨) ૦-૧૨
60 ગોરમાનાં ગીતો ૦-૧

આખો સેટ રૂા. ૪-૧૨-૦

સેટ સાતમો:

61 મેડમ ક્યુરી [illegible]
62 સામાજિક વાતો ભાગ બીજો [illegible]
63 ગુલાબચંદ [illegible] [illegible]
64 [illegible] [illegible]
65 [illegible] [illegible]
66 [illegible] [illegible]
67 [illegible] [illegible]
68 [illegible] [illegible]
69 [illegible] [illegible]
70 [illegible] [illegible]

આખો સેટ રૂા. ૪-[illegible]

સેટ આઠમો:

71 [illegible] ૦-૩
72 [illegible] ૦-૪
73 ધારાગઢની નીલાદેવી ૦-[illegible]
74 [illegible] ૦-૯
75 પ્રતિમાનો સ્વયંવર ૧-૯
76 [illegible] ગીતા [illegible] ૦-૯

વધુ પુસ્તકો તૈયાર થાય છે.

સંપૂર્ણ સૂચિપત્ર માટે લખો:—શ્રી શક્તિ. [illegible], સુરત.